

## પાલનપુરમાં પાતાળેશ્વર મંદિરના શિવલિંગને ડ્રાઇફ્રુડથી શણગાર કરાયો

શ્રાવણ માસ ચાલી રહ્યો છે.જેમાં શિવ ભક્તો શિવજીની તન,મન,ધનથી આરાધના કરી રહ્યા છે.ત્યારે પાટણના રાજા સિધ્ધરાજ જયસિંહના જન્મ સ્થળ પાલનપુર પાતાળેશ્વર મંદિર ખાતે શ્રાવણ માસના દર સોમવારે શિવ ભક્તો દ્વારા જુદી-જુદી રીતે શિવલીંગને શણગારવામાં આવે છે.જેમાં ત્રીજા સોમવારે ચલણી નોટોથી શિવલીંગને સજાયા બાદ ચોથા સોમવારે ડ્રાઈફુડથી શણગારવામાં આવતા આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતુ.



શ્રાવણના અંતીમ સોમવારે ભક્તોનો માનવ મહેરામણ સોમનાથ મહાદેવના આશિર્વાદ માટે ઉમટી પડ્યો હતો. સોમનાથને જોડતા માર્ગો પદયાત્રીઓના બમ બમ ભોલે અને હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠેલ, સોમનાથ મહાદેવને પ્રાતઃ શ્વેત પીતાંબર અને ગુલાબ કમળના વિવિધ પૂષ્પહારોથી શૃંગાર કરવામાં આવેલ હતો. સવારે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના ધર્મપત્નિ અંજલીબેન રૂપાણીએ મહાદેવના દર્શન કરેલ હતા, કેબીનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયાએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. કો-ઓર્ડિનેટર ભાવેશભાઇ વેકરીયા, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ પાલખી પૂજન કર્યુ હતુ. રાજકોટના એક શિવભક્ત દ્વારા સવા પાંચ કિલો ચાંદીની ડોલ, કળશ અને ચંદ્ર અર્પણ કરેલ હતા. સોનાનું ૩૨૦ ગ્રામનું ત્રિપુંડ પણ આ ભાવિકે સોમનાથ મહાદેવ અર્પણ કરેલ અને તેને મધ્યાહ્ન શૃંગારમાં ઉપયોગમાં લેવાયુ હતુ.

## શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજમાં વ્યાખ્યાન યોજાયું

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ વિભાગ દ્વારા ૬ તારીખે 'એકસપર્ટ ટોક'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. સરકારી વિજ્ઞાન કોલેજના કેમિસ્ટ્રી વિભાગના ડૉ. ઉમેશ તરપડા દ્વારા 'પરમાણું સમપ્રમાણતા' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં કેમિસ્ટ્રી વિભાગના ૪૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## કમલેશ મોતા એકપાત્રીય ગુજરાતી સ્પર્ધામાં શહેરના વિજેતા

કમલેશ મોતા એક પાત્રીય ગુજરાતી આંતરરાષ્ટ્રીય ડિજિટલ સ્પર્ધા-૨૦૨૧માં મમતા બૂચને 'ગઢની ગૂંજ' તથા પરમ શુક્લાને 'જીતેલી હાર' વિષય પર અવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

# શ્રાવણના અંતિમ પવિત્ર દિવસ સોમવતી અમાસે લઘુરૂદ્ર કરાયો

ભોળાનાથને રિઝવવાનો મહિનો શ્રાવણ તેના અંતિમ પવિત્ર દિવસ સોમવતી અમસા સાથે પુર્ણ થઈ ગયો છે. આ દિવસે અનેક દેવી-દેવતાઓના પૂજન અને હોમ-હવન થયા હતા. સમુદ્રમંથન પ્રસંગે નીકળેલુ ઝેર શિવજીએ સોમવારે (ચંદ્રનો દિવસ) પીધેલુ.



સરગાસણની શરણમ્ સોસાયટીમાં ભોળાનાથ મહાદેવનો ભવ્ય લઘુરૂદ્રનું આયોજન કરાયુ હતુ. નવ કુંડ સાથે સોમવતી અમાસે ભગવાન વિષ્ણુ અને શિવનો સંગમ થાય છે અને આ બંને દેવોએ પીપળાને માધ્યમ બનાવેલો જેથી સોમવતી અમાસે પીપળાનું પૂજન કરી તેની પ્રદિક્ષણાનો મહિમા છે. સોસાયટીના નવ પરિવાર આ લઘુરૂદ્રમાં યજમાન બન્યા હતા અને ભગવાન ભોળાનાથને રીઝવવા આહુતિઓ આપી હતી. દરેક સભ્યોએ પોતાની યથાશક્તિ યોગદાન આપી સોસાયટીમાં યોજાયેલા આ પ્રસંગને ધામધૂમથી ઉજવ્યો હતો. સત્યમ સિવમ સુંદરમ મુજબ શિવજીના સત્યને શુભ કરી સુંદરતાના ગુણને પ્રદર્શિત કરવાનો મહિમા પણ વર્ણવાયો છે. ધાર્મિક પ્રવતિઓથી સદાય ધમધમતી રહેલી આ સોસાયટીમાં સૌ સાથે મળી દરેક ધાર્મિક પ્રસંગો આયોજીત કરે છે જે આજુબાજુની સોસાયટી માટે પ્રેરણારૂપ બન્યુ છે.



## સમદર્શન આશ્રમમાં કૃપાનિધિ મહાદેવની વિશેષ પૂજા

પવિત્ર શ્રાવણમાસના છેલ્લા સોમવારે સોમવતી અમાસના શુભ સંયોગ સમદર્શન આશ્રમમાં શ્રીકૃપાનિધિ મહાદેવની વિશેષ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

બપોરે ૩:૩૦ થી સાંજે ૫:૦૦ સુધી શિવમહિમ્નના પાઠ કરવામાં આવ્યા અને સાંજે ૫:૦૦ વાગ્યાથી ભગવાનની વિશેષપૂજાનો પ્રારંભ થયો હતો. આ શુભ અવસરે ભાવિક ભક્તો એ શિવમહિમ્નના પાઠ, અભિષેક, સહસ્રનામ અર્ચના અને સ્તુતિ કરી હતી. પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ શિવજીની મહાઆરતી કરી હતી. શ્રી કૃપાનિધિ મહાદેવ મંદિરમાં સુવર્ણ રંગનું સુશોભન કરવામાં આવ્યું હતું.. સમગ્ર વાતાવરણ અલૌકિક અને દિવ્ય લાગતું હતું.



## શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં ફળોત્સવની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં 'ગીવ એન્ડ જોય વીક' અંતર્ગત ફળોત્સવ-૨૦૨૧ની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના વિદ્યાર્થીઓમાં માનવસેવાના બીજ રોપાય તે અર્થે સંસ્થા દ્વારા સતત સાત દિવસ સુધી ગીવ એન્ડ જોય વીકની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યુ છે. જે તારીખ ૬ થી ૧૨ સુધી કરવામાં આવશે. આ વીકમાં સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા રોજેરોજ માનવ સેવાના કાર્ય કરવામાં આવશે. જેમાં પ્રથમ દિવસે ફળોત્સવનું આયોજન કર્યુ હતુ. ગરીબ બાળકોને ફળોનું વિતરણ કર્યુ હતુ. વિદ્યાર્થીઓએ ૨૦૦ કિલોથી વધુ ફળફળાદી વિતરણ કર્યા હતા. આજે સંસ્થા દ્વારા પ્લે ફોર ચેરિટી-રફેલ ડ્રાઈવનું આયોજન કરેલ છે. જેમાં વિદ્યાર્થીઓ પાંચ-દસ રૂપિયાનું ટોકન લઈને સંસ્થામાં હાઉસી તેમજ કોમ્પ્યુટર ક્વીઝ જેવી રમતો રમી શકશે. જેમાં એકઠી થયેલી રકમને ગરીબ બાળકો અને જરૂરિયાતમંદોને ચેરિટી માટે ઉપયોગ કરવામાં આવશે. આ સંસ્થા અને ટ્રાફિક પોલીસ સેક્ટર-૨૧ના સંયુક્ત ઉપક્રમે સેફટી ડ્રાઈવનું આયોજન કર્યુ છે. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓ ઘ-૫ થી પસાર થતા વાહનચાલકોને ટ્રાફિકના નિયમો અને કોરોના અંગેની સાવચેતી અંગે જાગૃત કરશે.

## ગોકુળપુરામાં રવિવારે સાંજે 'આપ'ના 'રામ'ની પદયાત્રા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં મહાનગરપાલિકાઓની ચૂંટણીનો માહોલ ફરીથી ગરમાઈ ચુક્યો છે, જો કે મનપાની ચૂંટણીઓની જાહેરાત થઈ તે અગાઉ રવિવારની સાંજે આમ આદમી પાર્ટીના આંદોલનકારી નેતા પ્રવિણ રામ તથા શહેર પ્રમુખ જીતેન્દ્ર ધારવાડિયા સહિત પાર્ટીના કાર્યકર્તાઓની એક ટીમે વોર્ડ નંબર-૬માં સમાવિષ્ટ ગોકુળપુરા ગામમાં ગોગા મહારાજના મંદિરે દર્શન કર્યા બાદ પદયાત્રા યોજી ગ્રામજનોની મુલાકાત લીધી હતી અને તેમની સમસ્યાઓ જાણવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રસંગે તેમણે કોરોના મહામારીથી બીજી લહેરમાં દિવંગત થયેલા ગોકુળપુરાના સ્થાનિક અગ્રણી સ્વ.વાલજીભાઈ દેસાઈના ઘરે પણ જન સંવેદના મુલાકાત કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના સ્થાનિક ઉમેદવારો ભુમીબેન રબારી નગીનભાઈ નાડિયા તુષારભાઈ પરીખ અને હર્ષાબેન શ્રીમાળી પણ જોડાયાં હતા. આ મુલાકાત દરમ્યાન રહીશોએ વણઉકેલાયેલી સ્થાનિક સમસ્યાઓ અંગે આપવિતી જણાવીને તંત્ર તેમજ ગત ટર્મમાં ચુંટાયેલા નગરસેવકો દ્વારા ગોકુળપુરા પ્રત્યે ઉપેક્ષિત વલણ દાખવવામાં આવ્યું હોવાનો રોષ ઠાલવ્યો હતો.



ચિમનભાઈ પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ જર્નાલિઝમ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે લોગો ડિઝાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જાણીતા કવિ માધવ રામાનુજ આ અવસરે મુખ્ય મહેમાનપદે અને નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## સોમવતી અમાસે કલોલ કોલેજમાં શિવમહિમ્ન સ્રોત્રનું ગાન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૬

શ્રાવણ માસની પુર્ણાહુતી પ્રસંગે આજે સોમવતી અમાસના પવિત્ર દિવસે કલોલની આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં શિવમહિમ્ન સ્રોત્રનું ગાન કરવામાં આવ્યું. સમગ્ર દેશમાં આઝાદીનું અમૃત પર્વ ઉજવાઈ રહ્યું છે ત્યારે ભારતીય સંસ્કૃતિ મુજબ ભગવાન શિવની આરાધના માટે ડૉ. આર.એમ. પટેલ અને ડૉ. ડી.એ. ઠાકર દ્વારા સ્તુતિ ગાવામાં આવી. આ પ્રસંગે સંસ્કૃત વિભાગના પ્રોફેસર ડૉ. એચ.કે. સોલંકીએ શિવનો મહિમા સમજાવ્યો હતો. કોલેજના આચાર્ય ડૉ. કે.સી. દેશમુખ અને



પ્રો. સી.કે. મેવાડાએ હાજર રહીને વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક વાતો કરી હતી. સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. કલાબેન પટેલ અને પ્રો. પી.એચ. સોલંકી વગેરે સ્ટાફમિત્રોની ઉપસ્થિતિથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

## વિજયનગર તાલુકામાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકામાં અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે ગાજવીજ સાથે ધીમી ધીરે વરસાદ વરસ્યો ખેડુતોમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે.બે દિવસના વિરામ બાદ ફરી વરસાદી માહોલ સર્જાયો છે.ખેતરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા હતા.મુરઝાતા ખેતીના વિવિધ પ્રકારના પાકોને જીવતદાન મળ્યું છે.ખેડુતો અને પ્રજાજનોમાં ખુશીની લહેર પ્રસરી હતી.વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી હતી.

### ખરાઈ માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જરૂર છે. સાથે જ અસલી કોરોના વેક્સિન કેવી રીતે ઓળખવી તે પણ જણાવવામાં આવ્યું છે. કોવિશિલ્ડ વેક્સિન માટે સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાનું લેબલ, એસઆઈઆઈ લેબલ ઘાટા લીલા રંગનું હશે. ઘાટા લીલા રંગની એલ્યુમિનિયમ ફ્લિપ-ઓફ સીલ હશે. બ્રાન્ડનું નામ કોવિશિલ્ડ ટ્રેડમાર્ક સાથે લખ્યું હશે. જેનરિક નામનું ટેક્સ્ટ ફોન્ટ બોલ્ડ અક્ષરોમાં નહીં હોય. સીજીએસ નોટ ફોર સેલ પ્રિન્ટ હશે. કોવેક્સિન પર લેબલ પર દેખાય નહીં તેવું (અદૃશ્ય) યુવી હોલિક્સ હશે જે ફક્ત યુવી લાઈટ્સમાં જ જોઈ શકાય. કોવેક્સિનનો એક્સ બે રંગોમાં હશે. તેને ગ્રીન ફોઈ ઈફેક્ટ કહે છે.

સ્પુતનિક-વી રૂસના ૨ અલગ અલગ પ્લાન્ટથી આયાત થાય છે માટે તેના લેબલ અલગ અલગ જોવા મળશે. લેબલ પર આપવામાં આવેલી જાણકારી અને ડિઝાઈન તો એકસરખી હશે, બસ પ્લાન્ટનું નામ અલગ અલગ હશે. અત્યાર સુધી જે સ્પુતનિક-વી આયાત થઈ છે તે ૫ શીશીઓવાળા પેકેટમાં આવી છે અને તે બંડલ પર ઈંગ્લિશમાં નામ લખેલું હોય છે.

### નવિનીકરણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યવસ્થા પણ ઉભી કરાશે. આધુનિક ફાયર એલાર્મ સિસ્ટમ પણ કાર્યરત થશે. નવી સાઉન્ડ પ્રુફ સિસ્ટમ તથા છતના ભાગે નવી ડેકોરેટીવ ફોલ સિલીંગ બનાવાશે. આ ઉપરાંત સ્ટેજને પણ અદ્યતન બનાવાશે. પ્રવેશદ્વારના ફોયરમાં બે મોટા શિલ્પ તેમજ બે ટીકીટ કાઉન્ટર વેઈટીંગ લોન્જ પણ અસ્તિત્વમાં આવશે. પ્રવેશદ્વારમાં પ્રદર્શન માટે નવી વ્યવસ્થા ઉભી કરાશે. આ ઉપરાંત નવુ એ સી પ્લાન્ટ તેમજ નવુ ચિલ્લર રૂમ ઈલેકટ્રીક ટ્રાન્સફોર્મર અને નવુ સબ સ્ટેશન આધુનિક સાઉન્ડ સિસ્ટમ બે લીફટ એલ ઈ ડી વોલ સહીત અદ્યતન લાઈટીંગથી હોલ જગમગશે. ટાઉનહોલની કાર્યયોજનાનુ કામ શરૂ કરવાના પ્રસંગે મહાનગર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટ અન્ય ભાજપના અગ્રણીઓ તેમજ માર્ગ મકાન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ફોગીંગ મશીન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફોગીંગ મશીન માટે સતત માંગ કરતા રહ્યા હતા પરંતુ તે વખતે તેની ખરીદી ટાળવામાં આવી હતી. બે વર્ષ બાદ શહેરમાં પુનઃ વાહકજન્ય રોગચાળાના કેસો નોંધાતા તંત્રએ તાબડતોબ આ કાર્યવાહી હાથ ધરી હતી.આજે તેની ટીમોએ ૨૮ જેટલા તાવના દર્દીઓ શોધી અને લોહીના નમૂના એકત્ર કર્યા છે. ૫ હજારથી વધુ ઘરોમાં ૭૯૦૦ થી વધુ પાત્રોની ચકાસણી કરી હતી. આ પૈકી ૧૬૩ ઘરોમાંથી પોરા મળી આવતાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે મનપાની ટીમોએ આજે પણ ૩૦૦ થી વધુ ઘરોમાં ફોગીંગની કામગીરી કરી હતી.

## કાંકરેજ તાલુકાના ઉબરી ખાતે ખાણ - ખનિજ વિભાગનો સપાટો બે હીટાચી મશીન અને ૨૧ ડમ્પર વાહનો જપ્ત કર્યા

કાંકરેજ

બનાસકાંઠા જિલ્લામાં ખનિજ ચોરો ઉપર ભૂસ્તર વિભાગ દ્વારા અવાર - નવાર સપાટો બોલાવવામાં આવે છે . ખાનગી રાહે આકસ્મિક તપાસ કરી વિવિધ માધ્યમોથી ખનિજ ચોરી કરતા તત્વો ઉપર ચાંપતી નજર રાખવામાં આવે છે .ગુરૂવારે સવારે પાટણ જિલ્લાની હદમાં આવેલ દેલીયાથરા ગામને અડીને આવેલ કાંકરેજ તાલુકાના ઉબરી ગામની હદમાં પસાર થતી બનાસનદીપટ્ટમાંથી બિનઅધિકૃત ખોદકામ કરતાં બે હીટાચી મશીનો જપ્ત કરવામાં આવ્યા છે જયારે સ્થળ ઉપરથી ખનિજ ચોરીમાં સંડોવાયેલા સાદીરેતી ભરેલા ૦૮ ડમ્પરો અને બિનઅધિકૃત રીતે રોયલ્ટી વગર રેતી ભરવા આવેલા ૧૩ ખાલી ડમ્પરો જપ્ત કરી તમામને શિહોરી પોલીસ સ્ટેશન ખાતે સીઝ કરીને મુકવામાં આવેલ છે . હાલ સ્થળ ઉપરથી વાહનો સહિત અંદાજે ચાર કરોડનો મુદ્દામાલ જપ્ત કરેલ છે અને પ્રત્યેક વાહન માલિકને વસુલાત માટે નોટીસ આપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે .ગુરૂવારે સવારે પાટણ જિલ્લામાં દેલીયાથરા ગામમાં અને બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ઉબરી ગામે ખનિજ ચોરી થતી હોવાની ફરીયાદના ઉપક્રમે ખાણ - ખનિજ વિભાગની પાટણ અને બનાસકાંઠા જિલ્લાની ટીમો સંયુકત રીતે ત્રાટકી હતી અને સ્થળ ઉપરથી ૨૧ ડમ્પરો સહિત બે હીટાચી મશીનો જપ્ત કરતાં ખનિજ ચોરોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો . મોટી સંખ્યામાં વાહનો પકડાવાના કારણે સ્થળ પર મોટી ભીડ ભેગી થઈ હતી અને કેટલાક વાહન માલિકો દ્વારા ખાણ અને ખનિજની ટીમો સાથે રકઝક કરતા પોલીસની મદદ લેવાની ફરજ પડી હતી . ખાણ ખનિજ વિભાગ દ્વારા છેલ્લા ઘણા સમયથી કાંકરેજ અને ડીસા સહિતના વિસ્તારોમાં અનેકવાર છાપા મારીને મોટી ખનિજ ચોરી પકડી પાડવામાં સફળતા પ્રાપ્ત કરેલ છે અને સરકારશ્રીની રોયલ્ટી અને દંડની આવકમાં વિક્રમજનક વધારો થયેલ છે . ખનિજ ચોરીના આ મેગા ઓપરેશન પાર પાડવામાં બનાસકાંઠા જિલ્લાના ભૂસ્તરશાસ્ત્રીશ્રી સુભાષ જોષીની ટીમ અને પાટણ જિલ્લા મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીશ્રી અલખ પ્રેમલાણીની ટીમ દ્વારા સવારે ૬-૦૦ કલાકથી મોડી સાંજ સુધી ઉપરોકત ઓપરેશન સફળતા પૂર્વક પાર પાડેલ છે . આગામી સમયમાં પણ જિલ્લાના તમામ વિસ્તારોમાં સઘન ચેકીંગ કરી ખનિજ ચોરોને કાયદાનો પાઠ ભણાવવામાં આવશે.





આજનો દિવસ એટલે કે પવિત્ર શ્રાવણ માસનો છેલ્લો સોમવાર અને સાથે સાથે શ્રાવણ માસનો છેલ્લો દિવસ.. આ દિવસે પુણ્યદાનનું ઘણું મહત્વ રહેલું છે... ત્યારે રાધે રાધે પરીવાર ગાંધીનગર દ્વારા ૭ દીકરીઓનું પૂજન કરી તેમને જમાડી સાથે સાથે ગિફ્ટ આપી શ્રાવણ માસના છેલ્લા સોમવારની અદ્ભુત ઉજવણી કરાઈ હતી.

## જૂનાગઢમાં સૈનિક પર પોલીસના અત્યાચાર સામે વિરોધ

જૂનાગઢમાં સૈનિકને જાહેરમાં ઢોર માર મારી પોલીસે અમાનવીય અત્યાચાર ગુજાર્યો છે. જેની સામે વિરોધ વ્યક્ત કરતા બનાસકાંઠા માજી સૈનિક સેવા ફાઉન્ડેશને અધિક કલેકટરને આવેદનપત્ર આપી ન્યાયની ગુહાર લગાવી હતી.

જૂનાગઢના પાદરડી ગામના વતની કાનાભાઈ ગોવિદભાઈ કેશવાળા ભારતીય સેનામાં જમ્મુ કાશ્મીરમાં ફરજ બજાવે છે. જેઓ રજા દરમિયાન વતન આવ્યા હતા. ત્યારે કોઈ માથાકૂટ થતા પોલીસ દ્વારા તેઓને જાહેરમાં ઢોર માર મારવામાં આવ્યો હતો. અને કસ્ટડીમાં ગોંધી રાખવામાં આવ્યો હતો. જેનો વિડિઓ પણ વાયરલ થયો હતો. જેના ઘેરા પ્રત્યાઘાત રાજયભરના સૈનિકોમાં પડ્યા છે. ત્યારે આજે બનાસકાંઠા માજી સૈનિક સેવા ફાઉન્ડેશન દ્વારા બનાસકાંઠા જિલ્લાના નિવાસી અધિક કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરાયું હતું.

## ચિલોડા સેવા કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય શિક્ષક દિન નિમિત્તે નિવૃત શિક્ષકોનું સન્માન કરાયું

ચિલોડા, તા. ૬

પાંચમી સપ્ટેમ્બર રાષ્ટ્રીય શિક્ષક દિન પ્રસંગે ચિલોડા સ્થિત



પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય સેવા કેન્દ્રમાં સ્નેહી સહયોગી એવા નિવૃતિમાં પ્રવૃત સેવાભાવી આદર્શ નિવૃત શિક્ષક નટુભાઈ પટેલ સહિત નિવૃત શિક્ષિકા બી.કે. કમળાબેન એચ. પટેલ, બી.કે. વિનોદભાઈ પટેલ, શિહોલી પ્રાથમિક શાળાના આચાર્ય બી.કે. સોનલબેન એન. પટેલ વગેરે મહાનુભાવોનું સેવાકેન્દ્રના સંચાલિકા રાજયોગિની તારાદીદી દ્વારા સન્માન કર્યુ હતુ. આ ઉપરાંત બી.કે. સુમનબેન, બી.કે. સુખદેવભાઈ સર્વે રાજયોગી ભાઈ બહેનો તરફથી તારાદીદીનું સન્માન કરી ઉજવણી કરી હતી.